## (૧) પ્રેસ નોટ

## અમદાવાદ શહેરમાં દારુ જુગારની બદી નેસ્ત નાબુદ કરવા પી.સી.બી દ્વારા પ્રોહી/જુગારના બુટલેગરો ઉપર સખ્ત કાર્યવાહી જુગાર બુટલેગર દાઉદ મીયાણા ફરાર

પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓ દ્વારા તા.૧૨.૧૧.૧૪ થી તા.૨૬.૧૧.૧૪ સુધી અમદાવાદ શહેરમાં ગેર કાયદેસર પ્રવૃતિ કરતા દારુ જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા માટે રાખેલ ડ્રાઇવ પખવાડીયા અંતર્ગત પી.સી.બી અમદાવાદ શહેર દ્વારા દારુ જુગારના અડાઓ ઉપર કડક કાર્યવાહી ના ફળ સ્વરુપ માધવપુરા વિસ્તારમાં તા.૧૩.૧૧.૧૪ ના રોજ જ્યુપીટર મીલની ચાલી મન.૩૬ માં પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી કે.આઇ.મોદી તથા પી.સી.બી સ્ટાફ દ્વારા રેડ કરતા કુખ્યાત જુગાર બુટલેગર અને તેનો ભાગીદાર પિતરાઇ ભાઇ અબ્બાસ સુલેમાન મીયાણા ના ઘરમાં રેડ કરતા હાર જીતનો જન્ના મન્નાનો જુગાર રમતા ૧. અબ્બાસ સુલેમાન મીયાણા રહે.જહાંગીર વકીલની ચાલી દેવજીપુરા અ.વાદ ૨.ચાંદભાઇ અલ્લાબક્ષ મોમીન રહે.જહાંગીર વકીલની ચાલી ૩.ઇરફાન સાબ્બીરહુસેન સૈયદ રહે.સાદીયા ફ્લેટ દિલ્લી દરવાજા ૪.સુરેશ નારણ પંજાબી રહે.ધર્મનગર સાબરમતી ૫.ઉપેન્દ્ર ધીરુભાઇ પટેલ રહે.સોમીલ એપાર્ટમેન્ટ ઘાટલોડીયા ૬.સાહીદ ગુલામમહેમુદ શેખ રહે.મુન્શીગલી દિલ્લી ચકલા ૭.રફીક ઇસ્માઇલ લધાણી રહે.જ્યુપીટરમીલની ચાલી ૮. રાજેન્દ્ર ગંગારામ સચદેવ રહે.ગંગારામ ફ્લેટ સાબરમતી ૯.જાહીદ હસનભાઇ મીયાણા રહે.ઇસ્માઇલ શેઠની ચાલી ૧૦. હારુન ફકરુદીન ભટી રહે.મેડાવાળી ચાલી દેવજીપુરા નાઓને રોકડા નાણા રુ.૨૮૩૭૦/ તથા મો.ફોન નંગ.૧૨ કિ.રુ.૨૬૦૦૦/ તથા જુગાર રમવાના સાધનો સાથે પકડી માધુપુરા પોલીસ સ્ટેશનમાં સે.ગુ.ર.નં.૩૩૧૨.૧૪ જુગારધારા કલમ ૪.૫ મુજબનો ગુનો દાખલ કરાવી તપાસ હાથ ધરેલ છે.

## (૨) પ્રેસ નોટ

## અમદાવાદના સીમાડે સાબરમતીના કોતરોમાં અમદાવાદ પી.સી.બીનો સપાટો દેશી દારુ બનાવવાની ભઠીઓ પકડી ૬૨ ડબ્બા તથા ભઠીઓ તથા વોશનો નાશ

તા.૧૩.૧૧.૧૪ ના રોજ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી કે.આઇ.મોદી તથા પી.સી.બી સ્ટાફ દ્વારા ચાંદખેડા ગામની ઉતરે સાબરમતી કોતરોમાં નિર્જન જગ્યાઓ ઉપર રેડ કરી દારુ બુટલેગર જશીબેન ભીખાજી જેઠાજી ઠાકોર રહે.ઠાકોરવાસ નાનીને ત્યાં રેડ કરી ૨૧૩ લીટર કિ.રુ.૪૨૬૦/નો દેશીદારુનો જથ્થો તથા દારુ ગાળવાની ભઠીના સાધનો તથા વોશ ભરેલ ડબ્બા નંગ ૬૨ નો સ્થળ ઉપર નાશ કરી સખત કાર્યવાહી હાથ ધરેલ છે. આ બાબતે ચાંદખેડા પો.સ્ટે પ્રોહી ગુ.ર.નં.૫૦૮૫.૧૪ ગુજરાત નશાબંધીધારા અધિનીયમ કલમ ૬૬.૧બી.૬૫.બી.સી.ઇ.એફ.તથા ૮૧ મુજબ ગુના નોંધાવેલ છે.